જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૯/૨૦૨૨    બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૪૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬ | ૩,૫૫,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૫ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૩/૨૦૨૨**

**વટવા જી.આઇ.ડી.સીઃ** સતીષભાઇ માલીરામ અરાવાટીયા (ઉ.વ.૬૩) (રહે. સ્ટેટસ ટાવર માનવ મંદીર પાછળ હેલ્મેટ સર્કલ પાસે મેમનગર) એ તા.૧૩/૦૯/૨૦૨૨ ના રોજ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સતીષભાઈ અરાવાટીયા જી.આઇ.ડી.સી વટવા ફેઝ-૨ પેકેજીંગ ઇન્ડસ્ટ્રીજ લીમીટેડ કંપની ધરાવતા હોઈ આરોપી (૧) દિનેશ વિજય અગ્રવાલ (ઠે.ઇ/૪૪૧ જી.આઇ.ડી.સી. ફેઝ-૨ સાનંદ ઇન્ડસ્ટ્રી ઇસ્ટેટ સાણંદ) તથા સમત્વ બંગ્લોઝ એપલ વુડ્ઝ ટાઉનશીપ પાસે) અને (૨) રાજેન્દ્ર બકોલીયા (રહે. લક્ષ્મીવિહાર સરકારી સ્કુલ પાસે ખોરાબીસલ જયપુર રાજસ્થાન) પાસેથી પીપી રફીયા માલ મંગાવતા તેઓએ માલ મોકલી સતીષભાઈ અરાવાટીયાને વિશ્વાસમાં લઈ તા.૧૮/૦૨/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સતીષભાઈ અરાવાટીયાએ ૪૦ ટન પીપી રફીયા માલ કિમત રૂપિયા ૫૫,૩૪,૨૦૦/- મંગાવવા ઓર્ડર આપતા ઓર્ડર પ્રમાણે માલના નાણાં મેળવી લઈ માલ નહી મોકલી તેમજ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૪/૨૦૨૨**

**નવરંગપુરાઃ** મોહમદતારીક સ/ઓ મોઇનુદ્દિન સિદ્દિકી મુસ્લીમ (રહે. પ્લોટ નં-૧૬૦/૦૧ સેક્ટર-૪/એ ગાંધીનગર) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૧૩/૦૯/૨૦૨૨ સવારના ૯/૪૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ નેહરૂબ્રીજ પાસે સાકાર-૦૭ બીજો માળ “સુપર્બ એન્ટરપ્રાઇઝ પ્રા.લી” બી/૨૩૬ ઓફીસની બારીનાં સ્લાઇડર ખોલી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ઓફીસનાં ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- તેમજ સદર કોમ્પલેક્ષનાં પહેલા માળે એટલાસ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રા,લી નામની ઓફીસમાંથી રોકડ રૂપિયા ૨૫,૯૭૦/- મળી કુલ રૂપિયા ૯૫,૯૭૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૫/૨૦૨૨**

**નવરંગપુરાઃ** કાજોલ ડો/ઓ મહેશ ભાટીયા (રહે. હિલ્સ એન્ડ ડેલ્સ સોસાયટી ૨૪ કે ગ્લામોર સંસ્કૃતિ સ્કુલ પાસે કાડનગર ઉંદરી પુણે મહારાષ્ટ્ર) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા સેંટ ઝેવિયર્સ ચાર રસ્તા પાસે નાબાર્ડ વિહાર સામે પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી કાજોલ ભાટીયાની તેમજ તેમના મિત્રની બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બન્ને બેગમાં લેપટોપ, મોબાઈલ ફોન, ચાંદીનુ બ્રેસલેટ, એરપોર્ડ, ડોલર-૧૦૦૦ અને રોકડ રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૬,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૬/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** જતીન સ/ઓ પંકજભાઇ દરજી (ઉ.વ.૧૭) (રહે. અજંતા ઇલોરા તુલીપ બંગ્લોઝની બાજુમાં થલતેજ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરિટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**નિકોલઃ** દશરથભાઇ દીનેશભાઇ (ઉ.વ.૩૮) (રહે. લાલકૃષ્ણ એપાર્ટમેન્ટ ડી-માર્ટ પાછળ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના પાર્કીંગમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૯/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દીનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી